# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-04-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં કેરીના પાકને અસર

**બદલાતી ઋતુ અને ગરમીના કારણે કચ્છમાં કેસર કેરીના વૃક્ષો પર અસર થઈ રહી છે. આંબાની વાડીમાં વૃક્ષો પર લાગેલી આંબાની કળીઓ બળીને ખરી ગઈ છે. ત્યારે ખેડૂતોને આ વખતે સારી માત્રામાં પાક થવાની આશા હતી પરંતુ બદલાતા હવામાનના કારણે આ વખતે કેસર કેરીનું પ્રમાણ ગયા વર્ષ કરતા ઓછું થાય તેવું ખેડૂતો અંદાજ લગાવી રહ્યા છે. આ અંગે નાયબ બાગાયત નિયામક એમ.એસ. પરસાણીયાએ આ મુજબ જણાવ્યું હતું.**

**(બાઇટ : એમ.એસ. પરસાણીયા)**

**---------------------------------------------------------------------------------**

## હાટકેશ્વર પાટોતસવ

**નાગર જ્ઞાતિના ઇષ્ટદેવ હાટકેશ્વર પાટોત્સવની આજે જિલ્લામાં ઉજવણી થઈ રહી છે. ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી, મુન્દ્રામાં લઘુરુદ્ર યજ્ઞ, મહાઆરતી સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયા હતા. ભુજમાં રાજાશાહી સમયનાં પ્રાચીન હાટકેશ્વર મંદિરમાં પાંચ બટુકોને સમૂહ યજ્ઞોપવિત અપાયાં હતા. પશ્ચિમ છેવાડે લખપતના મંદિરમાં સવાર સાંજ દીપમાળા કરવામાં આવી હતી.**

**.**

**---------------------------------------------------------------------------------**

## કચ્છી જાણ-સુજાણ પરીક્ષા

કચ્છી સાહિત્ય કલા સંઘ દ્વારા યોજાતી કચ્છી ભાષાની જાણ-સુજાણ પરીક્ષા, 20 વર્ષ સુધી ઓફલાઇન લેખિત સ્વરૂપે તથા છેલ્લાં પાંચ વર્ષથી ઓનલાઇન ઇ-પરીક્ષા યોજવામાં આવે છે, જેમાં આ વર્ષે કુલ 2 હજાર103 પરીક્ષાર્થી જોડાયા હતા. ઇ-પરીક્ષા મંત્રી લહેરીકાંત ગરવાએ જણાવ્યું હતું કે, કુલ 73 પરીક્ષાર્થી 100 ગુણ મેળવવામાં સફળ થયા હતા, તો 56 અનુત્તીર્ણ થયા હતા. છેલ્લાં 25 વર્ષથી ચાલતી આ પરીક્ષા પ્રવૃત્તિ વિશે પદ્મશ્રી નારાયણ જોષી કારાયલજીએ જણાવ્યું હતું કે, સંસ્થાની સ્થાપનાથી લઇને 2020 સુધી વીઆરટીઆઇ માંડવીના સહયોગથી 20 પ્રયોગમાં જાણ-સુજાણ બંને પરીક્ષામાં 64 હજાર 330 અને છેલ્લાં પાંચ વર્ષથી ઇ-પરીક્ષામાં 9 હજાર 580 એમ કુલ્લ 73 હજાર 910 પરીક્ષાર્થી જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------

## માંડવી ધારાસભ્ય- વિકાસ કામો

ધારાસભ્યો માટે ગ્રાન્ટની મર્યાદામાં એક કરોડનો વધારો કરાયો છે, ત્યારે આ વધારાની મંજૂર ગ્રાન્ટમાંથી 50 લાખની રકમ જળસંચય માટે વપરાશે.' એવી પ્રતિબદ્ધતા માંડવી મતવિસ્તારના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ મુંદરા તાલુકામાં રૂપિયા 939.03 લાખનાં વિવિધ વિકાસકામોનાં ખાતમુહૂર્ત પ્રસંગે વ્યક્ત કરી હતી. માંડવીના ધારાસભ્યએ કહ્યું કે, પત્રી - કુંદરોડી માર્ગ મંજૂર થઈ ગયો છે અને વાઘુરા-બગડા-ફાચરિયા માર્ગને પણ મંજૂરી મળી જશે. તાલુકાનાં રતાડિયા, શિરાચા, ભદ્રેશ્વર, લુણી, બેરાજા ટેકરી, વડાલા સહિતના વિસ્તારમાં રસ્તા, બોક્સ કલ્વર્ટ સહિત વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયું હતું..

---------------------------------------------------------------------------------------

## અબડાસા-સડક યોજના

માર્ગ અને મકાન વિભાગ દ્વારા અબડાસાના વિધાનસભા વિસ્તારના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ 2024-25 હેઠળ માટીકામ, મેટલકામ, ડામરકામ, નાળાંકામ તેમજ આનુષાંગિક કામગીરી કરવા માટે રૂપિયા 10 કરોડની રકમ મંજૂર કરવામાં આવતાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. નખત્રાણા

**તાલુકાનાં વિવિધ રસ્તાકામ પૈકી તેજારા ગામનાં વાંકોલ મંદિર રોડકામ, નિરોણા રોડથી રામદેવપીર જાગેશ્વર બિબ્બર રોડ સહિત જુદા જુદા કામો મંજૂર કરાયા છે..**

**------------------------------------------------------------------------------------------------**

## હવામાન

**એપ્રિલ માસની શરૂઆથી જ ગરમીએ પોતાનો આકરો મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધું હતું. છેલ્લા એક સપ્તાહથી યલો એલર્ટથી લઇને રેડ એલર્ટની ચેતવણીઓ વચ્ચે જિલ્લાવાસીઓએ અસહ્ય ગરમીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે આજે ગરમીમાં આંશિક રાહત મળી છે. એપ્રિલ માસ દરમિયાન ગરમીનો પારો 45 ડિગ્રી સુધી પહોંચી જતા જનજીવનને અસર પહોંચી હતી. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનં 2થી 3 ડિગ્રી ઘટાડો થવાની સંભાવ્યા વ્યક્ત કરાઇ છે. જ્યારે 15 એપ્રિલથી 17 એપ્રિલ દરમિયાન તાપમાનનો પારો 40થી 44 ડિગ્રી રહેવાની સંભાવના વચ્ચે ગરમીની આગાહી કરવામાં આવી છે. ગઇકાલથી પવનના કારણે બપોર પછી સાંજના ભાગે વાતાવરણમાં શિતળતા અનુભવાઇ રહી છે જે વહેલી સવાર સુધી યથાવત રહે છે.**

**------------------------------------------------------------------------------------------------**

## લુણંગદાદા યાત્રા મહોત્સવ

**મુંદરા તાલુકાના લુણી નજીક લુણંગદાદાની યાત્રા અને ગણેશદેવના મેળા પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા.. ચૈત્ર સુદ ત્રીજના સવારથી પગપાળા યાત્રા, સાંજે મહાઆરતી યોજાઈ હતી. મહોત્સવ પ્રસંગે ચડાવાના દાતાઓનું સન્માન, ધ્વજારોહણ, તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સહિતના કાર્યક્રમ યોજાયા હતા.**

**------------------------------------------------------------------------------------------------**